Seat No. : _______________

# SJ-113

**September-2020**

**B.A., Sem.-VI**

**CC-312 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – 1**

સૂચના : નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો : **(14 ×3 = 42)**

1. રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક સંદર્ભો સાથે ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો પરિચય આપો. **14**

2. અંગસાધક પ્રત્યય એટલે શું ? ફારસી પૂર્વપ્રત્યયો તથા પરપ્રત્યયોનો સોદાહરણ ખ્યાલ આપો. **14**

3. સમાસ રચના સમજાવી તેના પ્રકારો સોદાહરણ જણાવો. **14**

4. ટૂંકનોંધ લખો : **14**
   (a) ગુજરાતી ભાષાના સંયોજકો
   (b) રવાનુકારી શબ્દો અને દ્વિરુક્ત પ્રયોગ

5. ગુજરાતી ભાષાની વિભક્તિ વ્યવસ્થાનો પરિચય આપી '-એ', '-થી', '-માં' અનુગોના કાર્યો જણાવો. **14**

6. વિકારી-અવિકારી સંજ્ઞા અને વિકારી-અવિકારી વિશેષણનો સોદાહરણ ખ્યાલ આપો. **14**

7. ગુજરાતી ભાષાની વચનવ્યવસ્થાનો પરિચય આપી, બહુવચન વ્યક્ત કરવાની રીતો જણાવો. **14**

8. વાક્ય એટલે શું તે જણાવી વાક્યના પ્રયોજનલક્ષી પ્રકારનો ખ્યાલ આપો. **14**

## વિભાગ – 2 (ફરજિયાત)

9. નીચેનામાંથી કોઈપણ આઠ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો : **8**

(1) 'મુખડું', 'તારલી', 'છૂટક' શબ્દોમાં લાગેલ પ્રત્યય કયા છે ?

(a) આખ્યાતિક

(b) વિશેષણ સાધક

(c) અંગવિસ્તારક

(d) સંજ્ઞાસાધક

(2) નીચેના વિકલ્પોમાંથી નિપાત ઓળખાવો :

(a) જો (b) તો

(c) માટે (d) કે

(3) ગુજરાતી શબ્દ 'પ્રીતિ' નીચેનામાંથી કયા પ્રકારનો શબ્દ છે ?

(a) તત્સમ (b) તદ્ભવ

(c) દેશ્ય (d) ઉછીનો શબ્દ

(4) નીચેનામાંથી કઈ દ્વિરુક્તિ સંયોજક વિનાની સંપૂર્ણ દ્વિરુક્તિ નથી ?

(a) સાફસાફ

(b) ગામેગામ

(c) ઝબકઝબક

(5) નીચેનામાંથી ઉપપદ સમાસ ઓળખાવો :

(a) ઘરજમાઈ (b) ખુશખબર

(c) રણછોડ (d) સજાપાત્ર

(6) નીચેનામાંથી કયો શબ્દ દેશ્ય વર્ગનો છે ?

(a) ઈશ્વર (b) ઝાંખરું

(c) કાજળ (d) જલેબી

(7) 'આગ્રહ' કે 'ખાતરી'નો અર્થ ઉમેરવા કયો નિપાત પ્રયોજાય છે ?

(a) જ (b) તો

(c) ને (d) ખરું

(8) નીચેના વિકલ્પમાંથી રવાનુકારી પ્રયોગ ઓળખાવો :

(a) ઠીકઠાક (b) આજુબાજુ

(c) સાફસૂફ (d) ઝળહળ

(9) નીચેના શબ્દોમાંથી કયા શબ્દને બહુવચનનો '-ઓ' પ્રત્યય નહીં લાગે ?

(a) જમીનદાર (b) તે

(c) વિચાર (d) પેટ

(10) 'મોહને એના દીકરાને આગળ ભણવા માટે કેનેડા મોકલ્યો.' – વાક્યમાં અધોરેખિત કૃદન્તનું રૂપ જણાવો.

(a) વિધ્યર્થ કૃદન્ત (b) હેત્વર્થ કૃદન્ત

(c) સંબંધક કૃદન્ત (d) ભવિષ્ય કૃદન્ત

(11) 'દાદીથી ચા ઢોળાઈ ગઈ' – વાક્યનો પ્રકાર જણાવો.

(a) કર્તરિ (b) કર્મણિ

(c) ભાવે (d) પ્રેરક

(12) નીચેનામાંથી કયો ઘટક નામયોગી નથી ?

(a) માત્ર (b) થકી

(c) તણું (d) સારુ

(13) 'મુન્ની પાણી આપવા બહાર આવી.' – વાક્યનો પ્રકાર જણાવો.

(a) સાદું વાક્ય

(b) સંયુક્ત વાક્ય

(c) સંકુલ વાક્ય

(14) નીચેનામાંથી ભૂતકૃદન્તનું રૂપ ઓળખાવો.

(a) વાંચતો (b) વાંચેલું

(c) વાંચનાર (d) વાંચીને

(15) નીચેના સંયોજકમાંથી વિરોધવાચક સંયોજક ઓળખાવો :

(a) તો પણ (b) જ્યાં… ત્યાં…

(c) કારણ કે (d) ઉપરાંત

(16) ‘ચંદુ, જરા પંખો લાવ તો.’ – વાક્યનો પ્રકાર જણાવો.

(a) પ્રશ્નાર્થ (b) આજ્ઞાર્થ

(c) ઉદ્ગારવાચક (d) નિર્દેશાર્થ